# Knowledge Consortium of Gujarat (KCG)

**Opp: PRL, Between LDCE and Girl's Polytechnic, Ahmedabad**

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં નવી તથા રીન્યુઅલ સહાય માટેની ઓનલાઈન અરજીઓ બાબત**

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહની અથવા ધોરણ-૧૦ ની પરીક્ષા પાસ કરી સ્નાતક અથવા ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય કરવા 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવ મુજબની નિયત પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અથવા ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમના (ડી ટુ ડી) પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ <u>તથા</u> વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ માં સહાય મેળવનાર વિદ્યાર્થીઓએ પણ બીજા/ત્રીજા વર્ષની રીન્યુઅલ સહાય માટે આ યોજના હેઠળ લાભ મેળવવા http:// mysy.guj.nic.in પર ઓનલાઈન અરજી નીચે જણાવેલ સમયગાળો મુજબ કરવાની રહેશે.

| અભ્યાસક્રમ | અરજી કરવાનો સમયગાળો |
|---|---|
| બીએ/બીકોમ/બીએસસી/બીબીએ/બીસીએ/રૂરલ સ્ટડીઝ/સોશિયલ વર્કસ જેવા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૦૧/૦૯/૨૦૧૭થી તા.૩૦/૧૦/૨૦૧૭ |
| ઈજનેરી/ફાર્મસી/આર્કીટેક્ચર/ડીઝાઈન/પ્લાનીંગ/ હોટેલ મેનેજમેન્ટ જેવા ટેક્નીકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૧૫/૦૯/૨૦૧૭થી તા.૧૪/૧૧/૨૦૧૭ |
| મેડીકલ/ડેન્ટલ/આયુર્વેદિક/હોમિયોપેથીક/નર્સીંગ/ પેરામેડીકલ/વેટરનરી/એગ્રીકલ્ચર/ફિશરીઝ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૦૧/૧૦/૨૦૧૭થી તા.૩૦/૧૧/૨૦૧૭ |

આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૧૫૦ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટેની જરૂરી સુચના તથા યોજના સંબંધિત તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના અંગેની વધુ માહિતિ હેલ્પ લાઈન નં: ૦૭૯- ૨૬૫૬૬૦૦૦ ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.

**સીઈઓ,કેસીજી**

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૫૮/૨૦૧૭-૧૮